ડી.ઓ.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.
પરિપત્ર ક્રમાંક:પવટ/312017/1/રોસ્ટર સેલ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૧/૦૮/૨૦૧૯

વંચાણે લીધા: (૧) સામાન્ય વહીવટ વિભાગનો તા. 31/12/1999નો પરિપત્ર ક્રમાંક : પવસ/1696/878/ગ4

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા. 03/12/2018નો પરિપત્ર ક્રમાંક: પવટ/312017/1/રોસ્ટર સેલ

## પરિપત્ર :-

શ્રી આર. કે. સભરવાલ અને અન્ય વિરુદ્ધ પંજાબ સરકાર અને અન્ય કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે આપેલ ચુકાદાના અમલીકરણ માટે સામાન્ય વહીવટ વિભાગના તા.08/03/1999ના ઠરાવ ક્રમાંક: પવસ/1696/878/ગ4 થી ખાલી જગ્યા આધારિત (Vacancy Based) રોસ્ટરોના સ્થાને જગ્યા આધારિત (Post Based) રોસ્ટરો અમલમાં મુકવામાં આવેલ છે. સામાન્ય વહીવટ વિભાગે નિર્ધારિત કરેલી અનામત નીતિ અનુસાર રોસ્ટર નીતિનું અમલીકરણ તથા જે તે નિમણૂંક અધિકારીએ તૈયાર કરેલ રોસ્ટર રજીસ્ટરોમાં અનામત વર્ગોનું પ્રતિનિધિત્વ ચકાસી તેને પ્રમાણિત કરવાની કામગીરી આ વિભાગ દ્વારા કરવામાં આવે છે.

2. પ્રવર્તમાન અનામત નીતિ મુજબ અનામતના પ્રતિનિધિત્વની યોગ્ય જાળવણી કરી શકાય તે માટે વિભાગ/ખાતા કક્ષાએ વર્ગ-1, વર્ગ-2, વર્ગ-3 તથા વર્ગ-4ના સંવર્ગોમાં ભરતી/બઢતી આપવાના પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ પાસે પ્રમાણિત કરાવેલ રોસ્ટર રજીસ્ટરના આધારે જગ્યાઓ ભરવા વિચારણા કરવા સામાન્ય વહીવટ વિભાગના તા.31/12/1999 ના પરિપત્ર ક્રમાંક પવસ/1696/878/ગ4 થી સૂચનાઓ આપવામાં આવેલ છે. આમ છતાં, આ વિભાગ દ્વારા રોસ્ટર રજીસ્ટરોની ચકાસણી વખતે, આ વિભાગ પાસે અગાઉ રોસ્ટર રજીસ્ટરો પ્રમાણિત કરાવ્યા સિવાય નિમણૂંક સત્તાધિકારીશ્રીઓ દ્વારા જે તે સંવર્ગોમાં ભરતી/બઢતી આપવાના પ્રસંગો થયેલા હોવાનું ધ્યાને આવેલ છે જે વહિવટી રીતે બરાબર નથી.

3. આથી વિભાગ/ખાતા કક્ષાએ વર્ગ-1, વર્ગ-2, વર્ગ-3 તથા વર્ગ-4ના સંવર્ગોમાં ભરતી/બઢતી આપવાના પ્રસંગે આ વિભાગ પાસે રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરાવ્યા બાદ જ તેના આધારે જગ્યાઓ ભરવા વિચારણા કરવાની સામાન્ય વહીવટ વિભાગના તા.31/12/1999ના પરિપત્ર ક્રમાંક પવસ/1696/878/ગ4થી આપેલી સુચનાઓનું ચુસ્તપણે અચુક પાલન કરવા આથી સર્વે વિભાગોને જણાવવામાં આવે છે.

4. સચિવાલયના સર્વે વિભાગોએ તેમના નિયંત્રણ હેઠળના ખાતાના વડા, બોર્ડ, કોર્પોરેશન, જાહેર સાહસો, વૈધાનિક સંસ્થાઓ, શાળા-મહાશાળાઓ, વિશ્વ વિધ્યાલયો, મ્યુનિસિપલ કોર્પોરેશન,

નગરપાલિકાઓ તથા સરકારશ્રી તરફથી સહાયક અનુદાન મેળવતી તમામ સંસ્થાઓના ધ્યાન પર આ સુચનાઓ લાવવા અને સુચનાઓનું ચુસ્તપણે અચુક પાલન કરાવવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Mahesh Patel
(મહેશ પટેલ)
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

નકલ રવાના:-

- + મહામહિમ રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- + સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, સેક્ટર-૧૦/એ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો.
- રોસ્ટર સંપર્ક અધિકારીશ્રી, સર્વે વિભાગો.
- વિકલાંગ વ્યક્તિઓ માટેના કમિશ્નરશ્રી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- અધિક સચિવશ્રી (વિ.જા.ક.), સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સંયુક્ત સચિવશ્રી (મહેકમ) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સમાજ સુરક્ષા) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (રોસ્ટર) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (અ.જા.ક.) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- વિભાગના તમામ અધિકારીઓ/શાખાઓ
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારૂ.
- સિલેક્ટ ફાઇલ.

---

+ પત્ર દ્વારા